




# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા








માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ સુદ બીજ મંગળવાર ૧૬ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૯૯

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦


# ઈરાન-અમેરિકા વચ્ચે શાંતિ કરાર: ૧૯મીએ હસ્તાક્ષર

## ઇઝરાયેલે શાંતિ કરાર સ્વીકારવાનો ઇન્કાર કર્યો

**ઇઝરાયેલના** સુરક્ષા મંત્રીએ કહ્યું કે અમે અમેરિકાના ગુલામ નથી, ટ્રમ્પની સમજૂતિ ઇઝરાયેલ પર લાગુ થતી નથી

**તેલઅવીવ, તેહરાન, વોશિંગ્ટન, તા. 15:** ઇઝરાયેલે અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા શાંતિ કરારનો સ્વીકાર કરવાનો ઇનકાર કરી દીધો છે. તો બીજી બાજુ ઇરાનમાં અતિ કટ્ટરવાદી ધર્મગુરુઓમાં પણ કરાર અંગે કચવાટ હોવાના અહેવાલ બહાર આવ્યા છે.

ઇઝરાયેલના સંરક્ષણ મંત્રી ઇસરાઇલ કાત્ઝે જણાવ્યું છે કે, તેમની સેના દક્ષિણ લેબનાનથી પાછી નહીં હટે. લેબનાન, સીરિયા અને ગાઝામાં બનાવવામાં આવેલા સિક્યોરિટી ઝોનમાં ઇઝરાયેલી સેના અનિશ્ચિતકાળ સુધી તૈનાત રહેશે. જ્યારે ઇઝરાયેલના રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી ઇતમાર બેન ગ્વીરે શાંતિ સમજૂતી પર નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, “આપણે અમેરિકાના ગુલામ નથી. ઇઝરાયેલ એક આઝાદ દેશ છે અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની આ સમજૂતી ઇઝરાયેલ પર લાગુ થતી નથી.” આ દરમિયાન, પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફે જણાવ્યું કે અમેરિકા-ઈરાન 19 જૂને સ્વિટ્ઝર્લેન્ડના જિનીવામાં શાંતિ કરાર પર હસ્તાક્ષર કરશે. જો આવું થશે તો 47 વર્ષમાં તેહરાન અને વોશિંગ્ટન વચ્ચે આ પ્રથમ હાઈ-લેવલ બેઠક હશે.

### ઈરાની પ્રમુખ બોલ્યા- અમેરિકા સાથે સમજૂતી આપણી જીતનો પુરાવો

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પઝેશકિયાને અમેરિકા સાથે થયેલી સમજૂતીને ઈરાનની જીત ગણાવી છે. તેમણે કહ્યું કે આ સમજૂતી માત્ર ઈરાન માટે જ નહીં પરંતુ આ ક્ષેત્રમાં તેના સહયોગીઓ (હમાસ, હિઝબુલ્લાહ અને હૂથી બળવાખોરો) માટે પણ સન્માનનો દસ્તાવેજ છે. એક રાષ્ટ્રીય સંમેલનને સંબોધિત કરતા પઝેશકિયાને કહ્યું કે વાતચીત દરમિયાન કેટલાક નાના મતભેદો ચોક્કસ હતા, પરંતુ તેઓ સમજૂતીના માર્ગમાં મોટો અવરોધ ન બન્યા. પઝેશકિયાને દાવો કર્યો કે સમજૂતી પર ઈઝરાયેલની નારાજગી જ એ વાતનો સંકેત છે કે ઈરાન મજબૂત સ્થિતિમાં રહ્યું. તેમણે કહ્યું, ઈઝરાયેલની પ્રતિક્રિયા દર્શાવે છે કે જીત આપણી થઈ છે.

### ઇરાને હસ્તાક્ષર કરતા પહેલા ત્રણ શરતો મૂકી

ઈરાન-અમેરિકા વચ્ચે થયેલા કરારનો સંપૂર્ણ દસ્તાવેજ હજુ જાહેર કરવામાં આવ્યો નથી. ઈરાનના નાયબ વિદેશ મંત્રી કાઝેમ ગરીબાબાદીએ જણાવ્યું છે કે, MoU પર હસ્તાક્ષર થયા બાદ શરૂ થનારી 60 દિવસની અમેરિકા-ઈરાન વાટાઘાટો એ બાબત પર નિર્ભર રહેશે કે અમેરિકા પહેલા પોતાના ત્રણ વચનો પૂરા કરે છે કે નહીં. ગરીબાબાદીના જણાવ્યા અનુસાર અમેરિકાએ ત્રણ પગલાં ભરવા પડશે. નૌકાદળની નાકાબંધી નાબૂદ કરવી, યુદ્ધ અને તમામ સૈન્ય કાર્યવાહીઓ રોકવી, ઈરાનના ફ્રીઝ થયેલા ફંડ મુક્ત કરવા.

**કરાર** થઇ ગયો હોવાની અમેરિકા, ઇરાન અને મધ્યસ્થી પાકિસ્તાનની જાહેરાત

**અમેરિકી** પ્રમુખ ટ્રમ્પે ઇરાન સામેની નાકાબંધી દૂર કરવાનો પણ અમેરિકી નૌકાદળને આદેશ આપ્યો, કરાર પર હસ્તાક્ષર થયા બાદ હોર્મુઝ ખુલી જશે

**૧૯મી જૂન,** શુક્રવારે સ્વીત્ઝર્લેન્ડમાં કરાર પર હસ્તાક્ષર થશે

**વોશિંગ્ટન/ઈસ્લામાબાદ, તા. 15:** પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે ૧૦૭ દિવસ ચાલેલા યુદ્ધનો અંત લાવવા માટે એક કરારને અંતિમ ઓપ આપી દેવામાં આવ્યો છે, જે યુદ્ધના કારણે વૈશ્વિક ઊર્જા કટોકટી ઊભી થઈ હતી.

પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફના જણાવ્યા અનુસાર, આ શાંતિ કરાર પર ૧૯ જૂનના રોજ સ્વિટ્ઝર્લેન્ડમાં હસ્તાક્ષર થવાના છે. રવિવારે સાંજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘ટ્રુથ સોશિયલ’ પર એક પોસ્ટમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે, ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન સાથેની ડીલ હવે પૂર્ણ થઈ ગઈ છે. સૌને અભિનંદન. તેમની આ

...અનુસંધાન પાના 15 પર

### કરાર થયો, પરંતુ હજી પણ કેટલીક ચિંતાનો બાબતો

લેબનોનમાં ઇરાનના પ્રોક્સીઓ સાથે ઇઝરાયેલની લડાઇ ચિંતાનો વિષય છે. જ્યાં ઈઝરાયેલે રવિવારે બેરૂતના દક્ષિણ ઉપનગરો પર બોમ્બમારો કર્યો હતો, તેણે વાટાઘાટોને લગભગ પાટા પરથી ઉતારી દીધી હતી. બાદમાં ટ્રમ્પે ઇઝરાયેલના વડાપ્રધાનને ધમકાવ્યા હતા. લેબેનોનના મોરચે હજી પણ તંગદીલી છે. દરમિયાન, આ સમજૂતી ઈરાનના અત્યંત સંવર્ધિત યુરેનિયમના જથ્થા અને તેના પરમાણુ કાર્યક્રમનું શું કરવું તે ઉકેલવા માટે માત્ર ૬૦ દિવસનો સમય આપે છે. વર્ષ ૨૦૧૫માં વૈશ્વિક સત્તાઓ

...અનુસંધાન પાના 2 પર

### મારા પહેલાના બધા પ્રમુખો ઇરાન મામલે નિષ્ફળ રહ્યા !: ટ્રમ્પની ડંફાસ

ટ્રમ્પે કહ્યું, આ મહાન કરાર સમગ્ર ક્ષેત્રમાં શાંતિ અને સુરક્ષા લાવશે. અગાઉના ઘણા પ્રમુખોએ ઈરાન સાથે શાંતિ સ્થાપવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ મારા પહેલાં બધા

...અનુસંધાન પાના 2 પર



## CJPના સ્થાપક અભિજીત દીપકેને થપ્પડ મારવામાં આવી

**પરીક્ષામાં** ગેરરીતિઓ, પ્રશ્નપત્ર લીક અને બેરોજગારીના મુદ્દે વિરોધ પ્રદર્શન યોજાયું હતું

**હુમલાખોર** બે યુવકોની પોલીસે કરી અટકાયત

**જયપુર, તા. 15 (PTI):** જયપુરમાં પરીક્ષા ગેરરીતિઓ, પ્રશ્નપત્ર લીક અને બેરોજગારીના મુદ્દે યોજાયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજીત દીપકે પર હુમલો થવાનો બનાવ સામે આવ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ, શહીદ સ્મારક ખાતે સમર્થકોના ખભા પર બેઠેલા દીપકેને ભીડમાં રહેલા બે યુવકોએ અનેક વખત થપ્પડ મારી હતી. ઘટનાના સંબંધમાં બે યુવકોની અટકાયત કરવામાં આવી છે.

આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. હુમલા બાદ દીપકે સભાને સંબોધતાં ધાર્મિક અને જાતિ આધારિત વિભાજનની રાજનીતિનો વિરોધ કર્યો અને લોકોને એકતા જાળવવાની અપીલ કરી. ત્યારબાદ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર વીડિયો સંદેશમાં તેમણે આ હુમલાને તેમના આંદોલનને નબળું પાડવાનો પ્રયાસ ગણાવ્યો અને કહ્યું કે તેઓ આવા દબાણથી ડરવાના નથી. તેમણે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ ફરી દોહરાવી.

પ્રદર્શન દરમિયાન યુવાનો ‘સ્ટોપ પેપર લીક’ અને ‘વી લવ ધ કન્ટ્રી, રિજેક્ટ કરપ્શન’ જેવા સૂત્રો લખેલા પ્લેકાર્ડ્સ અને

...અનુસંધાન પાના 15 પર

## હોર્મુઝમાંથી તેલથી ભરેલા જહાજોની અવરજવર ફરી શરૂ થઈ: ટ્રમ્પ

**વોશિંગ્ટન, તા. 15 (PTI):** અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે 107 દિવસ સુધી ચાલેલા યુદ્ધને સમાપ્ત કરવા માટે થયેલા કરાર બાદ હોર્મુઝની સામુદ્રધુનીમાંથી જહાજોની અવરજવર ફરી શરૂ થઈ ગઈ છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું કે ઘણા જહાજો તેલનો જથ્થો લઈને સુરક્ષિત રીતે હોર્મુઝની દક્ષિણ તરફના સમુદ્રી માર્ગ પરથી પસાર થઈ રહ્યા છે. ટ્રમ્પે દાવો કર્યો કે આ માર્ગ સંપૂર્ણપણે સુરક્ષિત છે અને અન્ય વૈકલ્પિક માર્ગો પણ ઉપલબ્ધ છે. તેમણે અમેરિકાના અખબાર ‘ધ ન્યૂ યોર્ક ટાઈમ્સ’ને આપેલા ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે

...અનુસંધાન પાના 2 પર

તા. ૧૫-૦૬-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૫.૩° સે. | ૨૯.૦° સે. | ૬૩% |

## રૂબરૂ હસ્તાક્ષર માટે અમેરિકી પ્રતિનિધિમંડળનું નેતૃત્વ વાન્સ લેશે: ટ્રમ્પ

**ટ્રમ્પ,** વાન્સ, ગાલીબાફે કરાર પર ડિજિટલી હસ્તાક્ષર કરી લીધા છે

**વોશિંગ્ટન, તા. 15 (PTI):** અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે જણાવ્યું હતું કે, સ્વિટ્ઝર્લેન્ડમાં શુક્રવારે યોજાનારા યુએસ-ઈરાન શાંતિ કરારના રૂબરૂ હસ્તાક્ષર માટે અમેરિકી ઉપપ્રમુખ જે. ડી. વેન્સ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે.

‘ધ ન્યૂ યોર્ક ટાઈમ્સ’ દ્વારા ટાંકવામાં આવેલા એક વરિષ્ઠ અમેરિકન અધિકારીના જણાવ્યા અનુસાર, પ્રમુખ ટ્રમ્પ અને વેન્સ બંનેએ ઈરાનના મુખ્ય વાર્તાકાર મોહમ્મદ બાગેર ગાલીબાફ સાથે આ ફ્રેમવર્ક કરાર પર ઇલેક્ટ્રોનિકલી હસ્તાક્ષર કરી દીધા છે. અહીં મીડિયા ઈન્ટરવ્યુમાં વેન્સે જણાવ્યું હતું કે શાંતિ કરાર પર રવિવારે ડિજિટલ રીતે હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા અને તેનો સંપૂર્ણ દસ્તાવેજ આ સપ્તાહના અંતમાં જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે.

એબીસી ન્યૂઝના ગુડ મોર્નિંગ અમેરિકા કાર્યક્રમમાં વેન્સે કહ્યું, અમે ગઈકાલે જ ડિજિટલ રીતે આ ડીલ પર હસ્તાક્ષર કરી દીધા છે. ફ્રાન્સમાં મીડિયા સાથેની વાતચીતમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે હસ્તાક્ષર સમારોહ માટે વેન્સ ત્યાં ઉપસ્થિત રહેશે. હસ્તાક્ષર સમારોહમાં પોતાની હાજરી અંગેના એક પ્રશ્નના જવાબમાં પ્રમુખએ કહ્યું, હું તેમાં સામેલ હોઈ પણ શકું અને ન પણ હોઈ શકું. દરમ્યાન, અમેરિકી વહીવટીતંત્રના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, ઉપપ્રમુખ જેડી વેન્સ અને

...અનુસંધાન પાના 2 પર

### 3 મહિનામાં પહેલું ભારતીય ધ્વજ ધરાવતું જહાજ હોર્મુઝમાંથી પસાર

## ભારતીય જહાજ ‘દિશા’ હોર્મુઝમાંથી હેમખેમ બહાર!

**આ જહાજ** 62,370 મેટ્રિક ટન પ્રવાહી કુદરતી ગેસનો (LNG) જથ્થો લઈને આવી રહ્યું છે

**યુદ્ધવિરામ** કરારની જાહેરાત બાદ હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થનાર પ્રથમ જહાજ

**જહાજ** 18મીએ ગુજરાતના દહેજ બંદરે પહોંચી શકે

**નવી દિલ્હી, તા. 15 (PTI):** પ્રવાહી કુદરતી ગેસ (એલએનજી) વહન કરતું ભારતીય જહાજ ‘દિશા’ હોર્મુઝની સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે પસાર થયું છે. છેલ્લા 3 મહિના કરતાં વધુ સમયમાં યુદ્ધગ્રસ્ત વિસ્તારમાંથી બહાર નીકળનારું આ પ્રથમ ભારતીય ધ્વજ ધરાવતું પ્રવાહી કુદરતી ગેસ વાહક જહાજ છે.

‘દિશા’ એલએનજી કેરિયર અમેરિકા અને ઈરાન વચ્ચે પ્રાથમિક યુદ્ધવિરામ કરારની જાહેરાત બાદ હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થનારા પ્રથમ વ્યાવસાયિક જહાજોમાંનું એક બન્યું છે.

શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના નેતૃત્વ હેઠળના કન્સોર્ટિયમ દ્વારા સંચાલિત આ જહાજ 62,370 મેટ્રિક ટન પ્રવાહી કુદરતી ગેસનો જથ્થો લઈને આવી રહ્યું છે, તેમ શિપિંગ મંત્રાલયના એક અધિકારીએ સોમવારે જણાવ્યું હતું. બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના ડાયરેક્ટર ઓપેશ કુમાર શર્માએ પશ્ચિમ એશિયાની તાજેતરની સ્થિતિ અંગે મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે, ‘દિશા’ જહાજ હાલ સુરક્ષિત રીતે હોર્મુઝની સામુદ્રધુની પાર કરી ચૂક્યું છે અને તે સંભવિત 18મી તારીખે ગુજરાતના દહેજ બંદરે પહોંચશે. મંત્રાલયે વધુમાં જણાવ્યું કે શિપિંગ નિયામક કચેરી સતત વિદેશ મંત્રાલય, ભારતીય મિશન અને શિપિંગ કંપનીઓ સાથે સંકલનમાં છે જેથી ભારતીય નાવિકોની સુરક્ષા અને કલ્યાણ સુનિશ્ચિત કરી શકાય.

પેટ્રોનેટ એલએનજી દ્વારા કતારમાંથી માલ લાવવા માટે ચાર્ટર કરાયેલા જહાજોમાં ‘દિશા’ પણ સામેલ હતું, જે સંઘર્ષ દરમિયાન હોર્મુઝની સામુદ્રધુનીમાં ફસાઈ ગયું હતું અને હવે સફળતાપૂર્વક ભારત

...અનુસંધાન પાના 13 પર

### કરારમાં છેલ્લી ઘડીએ ફેરફાર

## ઈરાન હોર્મુઝની સામુદ્રધુનીમાં જહાજો પાસેથી ફી વસૂલી શકશે

**ઇરાને** દાવો કર્યો કે કરમુક્ત દરજ્જો માત્ર ૬૦ દિવસ માટે જ છે, પછી ઇરાનને ટોલ વસૂલવા દેવા અમેરિકા સંમત થયું છે

**ઓમાન** સાથે મળીને ઇરાન આ માટેની વ્યવસ્થા કરી રહ્યું હોવાના અહેવાલ, આ બાબતે અમેરિકાનું મૌન

**નવી દિલ્હી, તા. 15.** યુએસ અને ઈરાન વચ્ચેના ૧૦૭ દિવસના યુદ્ધનો અંત લાવવા માટે શાંતિ કરારની જાહેરાત થયાના ગણતરીના કલાકોમાં જ, હોર્મુઝની સામુદ્રધુની અંગે એક મોટો ખુલાસો સામે આવ્યો છે. અહેવાલો અનુસાર, છેલ્લી ઘડીએ કરવામાં આવેલા એક મહત્વપૂર્ણ ફેરફારને કારણે વૈશ્વિક શિપિંગના અર્થતંત્રમાં મોટો બદલાવ આવી શકે છે.

ઈરાનની સરકારી ન્યૂઝ એજન્સી ‘ફાર્સ’ ના એક સ્ત્રોતે દાવો કર્યો છે કે, કરારના અંતિમ દસ્તાવેજમાં એવી ચોક્કસ ભાષા અને શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેને તેહરાન કોમર્શિયલ જહાજો પાસેથી ટ્રાન્ઝિટ ફી (પસાર થવા માટેનો ટેક્સ) વસૂલવાની મંજૂરી તરીકે જોઈ રહ્યું છે.વિવાદ અને કરારની મુખ્ય વિગતો૬૦ દિવસની “છૂટ”: યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શરૂઆતમાં હોર્મુઝની સામુદ્રધુનીને ટોલ-ફ્રી એટલે કે કરમુક્ત રાખવાની જાહેરાત કરી હતી. જો કે, ઈરાની સ્ત્રોતોનો દાવો છે કે આ કરમુક્ત દરજ્જો

...અનુસંધાન પાના 13 પર


